**<u>ધોરાજી પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૧૦૨૨૦૩૦૦/૨૦૨૨ આઇ.પી.સી.કલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૬,૪૬૭,૪૬૮,૪૭૧, ૧૨૦(બી),૧૧૪ તથા ગુજરાત મિનરલ્સ નિયમો (પ્રીવેનસન ઓફ ઈલીગલ માઈનીંગ,ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ-૨૦૧૭ ની કલમ ૩તથા માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૫૭ ની કલમ ૪(૧),૪(૧)(અ),૨૧મુજબના ગુન્હાના કામે બ્રીફ નોટ</u>**

⇨ આ કામેનો ગુન્હો ફરીયાદી શ્રી સ.ત. હિતેશ મેરૂભાઇ સોલંકી ઉ.વ.૨૬ ધંધો.નોકરી (માઇન્સ સુપરવાઇઝર) ભુસ્તરવિજ્ઞાન અને ખનીજખાતુ રાજકોટ રહે.રાજકોટ સરકારી વસાહત કાલાવાડ રોડ પરીમલ સ્કુલની બાજુમાં બ્લોક નં.-૭ કવાર્ટસ નં.૮૧ વાળાએ આરોપીઓ (૧) ભાવેશભાઈ રાજાભાઈ રાઠોડ રહે-ડૈયા, તા-ગોડલ, (૨) વિજયભાઇ નાનજીભાઇ બોરિચા રહે.બીલીયાળા તા.ગોંડલ જી.રાજકોટ (૩) નિતીનભાઇ નાનજીભાઇ બોરિચા રહે.બીલીયાળા તા.ગોંડલ જી.રાજકોટ (૪) અલ્પેશભાઇ માધાભાઈ બુટાણી રહે.નવાગઢ જેતપુર (૫) દિનેશભાઇ થોભણભાઇ બાંભવા રહે.હાવરા ટેઇલર, કણકીયા પ્લોટ, જેતપુર જી.રાજકોટ તથા તેઓની સાથે સામેલ અન્ય વ્યકિતઓએ આ કામના ફરીયાદીએ બિન-અધિકૃત વહન બદલ ટ્રક નંબર (૧) GJ 10 W 6008 તથા (૨) GJ 13 X 0425 જપ્ત કરી ધોરાજી પોલીસ સ્ટેશન ખાતે મુકાવેલ જે આજદીન સુધી દંડ ભરપાઇ કરેલ ન હોય જે બંન્ને ટ્રકના દંડની ભરપાઇ માટે આ કામના આરોપીઓએ ભુસ્તરશાસ્ત્રીના લેટરપેડ વાળા ખોટા મુકિત હુકમ/અન્ય દસ્તાવેજો બનાવી તથા બેંકના ખોટા ચલણ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી સાહેદ ભુસ્તરશાસ્ત્રી શ્રી જે.એસ.વાઢેરની ખોટી સહી કરી, ગુન્હાહીત કાવતરૂ રચી, વિશ્વાસઘાત છેતરપીંડી કરી, વાહન મુકત કરાવી, સરકારી તીજોરીને નુકશાન કરી બંન્ને વાહનના ખોટા મુકિત હુકમ/અન્ય દસ્તાવેજો પોલીસ સ્ટેશનમાં રજુ કરી વાહન મુકત કરાવી એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યા બાબતની ફરીયાદ તા.૧૮/૦૪/૨૦૨૨ના કલાક ૨૨/૦૦ વાગ્યે જાહેર થયેલ છે.

⇨ આ કામે આરોપીઓ (૧) ભાવેશભાઈ રાજાભાઈ રાઠોડ રહે-ડૈયા, તા-ગોડલ, (૨) દિનેશભાઇ થોભણભાઇ બાંભવા રહે.હાવરા ટેઇલર, કણકીયા પ્લોટ, જેતપુર જી.રાજકોટ (૩) અલ્પેશભાઇ માધાભાઈ બુટાણી રહે.નવાગઢ જેતપુર વાળાઓને તા.૧૯/0૪/૨૦૨૨ ના કલાક-૧૮/30 વાગ્યે અટક કરવામા આવેલ (૪) નિતીનભાઇ નાનજીભાઇ બોરિચા રહે.બીલીયાળા તા.ગોંડલ જી.રાજકોટ (૫) વિજયભાઇ નાનજીભાઇ બોરિચા રહે.બીલીયાળા તા.ગોંડલ જી.રાજકોટ વાળાઓને તા.૨૪/0૪/૨૦૨૨ ના કલાક-૨૧/30 વાગ્યે અટક કરવામા આવેલ છે.

⇨ આ કામે ગુન્હામા સંડોવાયેલ વાહનો ડમ્પર નં.(૧) GJ 10 W 6008 તથા (૨) GJ 13 X 0425 ના તા.૧૯/0૪/૨૦૨૨ ના કલાક-૧૮/30 વાગ્યે કબ્જે કરવામા આવેલ છે.

⇨ આ કામે પકડાયેલ આરોપીઓએ આ પોતાના ડમ્પરો છોડાવવા માટે બોગસ વાહન મુક્તિ હુકમ આરોપી મનિષ ઉર્ફે સાગર ધનશ્યામભાઇ મહેતા જાતે.બ્રામ્હણ ઉ.વ.૪૧ રહે.માનસરોવર પાર્ક શેરી નં.૨ આજીડેમ ચોકડી પાસેકૃષ્ણ કોમ્પલેક્ષ રાજકોટ વાળા પાસે બનાવડાવેલ હોવાનુ જણાવતા મજકુર ઇસમને તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ અટક કરવામા આવેલ છે. અને મજકુર ઇસમની પુછપરછમા પોતે આ વાહન મુક્તિ હુકમ રાજકોટમા આવેલ બાલાજી ગ્રાફીકસ ખાતે અંકીત દવે પાસે બનાવડાવેલ હોવાનુ જણાવતા આરોપી-અંકીતભાઇ ભાલચંદ્રભાઇ દવે જાતે.બ્રામ્હણ ઉ.વ.૩૫રહે.રાજકોટ ગાયત્રીનગર જલારામચોક શેરી ન. ૧/૧૦ વાળો મળી આવતા મજકુરને ગુન્હાના કામે તા.૦૯/૦૭/૨૦૨૨ ના કલાક-૧૪/00 વાગ્યે અટક કરવામા આવેલ છે.

⇨ આ કામેની તપાસ દરમ્યાન અત્રેના રાજકોટ ગ્રામ્ય જીલ્લામા તમામ પો.સ્ટે.મા તા.૨૩/0૪/૨૦૨૨ ના ઇ-મેઇલ દ્વારા પોલીસ દ્વારા કે ખાણખનિજ દ્વારા કોઇ પણ પ્રકારના વાહન સીઝ/ડીટેઇન કરવામા આવેલ હોય અને ખાણખનિજનો

દંડ અથવા મેમો આપવામા આવેલ હોય તો તેની તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૨૩/૦૪/૨૦૨૨ આજદીન સુધીની (૧) પોલીસ દ્વારા કાર્યવાહી કરવામા આવેલ છે કે ખાણ ખનિજ વિભાગ દ્વારા તેની વિગત તથા (૨) સ્ટે.ડા.નંબર/ગુ.ર.નં./જા.જોગ નંબર તથા (૩) તારીખ ખાણ ખનિજ વિભાગને કાર્યવાહી કરવા કરેલ રીપોર્ટના જાવક નંબર તથા તારીખ તથા (૪) દંડ ભરેલ છે કે કેમ તેની વિગત તથા (૫) દંડ ભરેલ હોય તો તેની વિગત તથા (૬) દંડ ભરેલ નથી તો કેવા કારણસર ભરેલ નથી તેની વિગત તથા (૭) વાહનનો પ્રકાર તથા રજી.નંબર તથા (૮) વાહન મુકત થયેલ છે કે પો.સ્ટે. કબજામા છે તેની વિગત ની માહીતી મંગાવતા અત્રેના જીલ્લાના દરેક પો.સ્ટે. તરફથી માહીતી આવતા તે માહીતી એકત્રીત કરી શ્રી ભુસ્તરશાસ્ત્રી રાજકોટ ની કચેરીને જા.નં.૬૮૫/૨૨ તા.૦૫/૦૫/૨૦૨૨ થી તેઓની કચેરીના રજી.પરથી ખરાઇ કરાવવામા આવેલ

⇨ આ કામે જીલ્લામાંથી દરેક પો.સ્ટે. માંથી આવેલ માહીતીની ખાણ ખનિજ વિભાગ રાજકોટ ખાતે ખરાઇ કરાવતા (૧) તા.૨૧/૦૫/૨૦૨૧ ના રોજ મામલતદારશ્રી ધોરાજી દ્વારા ડમ્પર નં.GJ 12 Y 5832 નુ ખાણ ખનિજનો મેમો આપી સીઝ કરેલ તથા (૨) તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ મામલતદારશ્રી ધોરાજી દ્વારા જે.સી.બી. નં.GJ 03 HE 2106 નુ ખાણ ખનિજનો મેમો આપી સીઝ કરેલ તથા (૩) તા.૧૩/૧૧/૨૦૨૧ ના રોજ જેતપુર તાલુકા પો.સ્ટે. ના પો.સબ.ઇન્સ .શ્રી એ.એન.ગાગણા સાહેબ દ્વારા ડમ્પર નં. GJ 13 AW 0100 નુ ખાણ ખનિજનો મેમો આપી સીઝ કરેલ તથા (૪) તા.૨૯/03/૨૦૨૨ ના રોજ મામલતદારશ્રી ઉપલેટા દ્વારા ટ્રક નં.GJ 07 V,W 3288 નુ ખાણ ખનિજનો મેમો આપી સીઝ કરેલ તથા (૫) તા.૨૩/૦૨/૨૦૨૨ ના રોજ ઉપલેટા પો.સ્ટે. ના પો.હેડ.કોન્સ.શ્રી એન.એન.ચાવડા દ્વારા ટ્રેકટર નં. GJ 03 EA 7118 નુ ખાણ ખનિજનો મેમો આપી સીઝ કરેલ આ વાહનોના વાહન મુકતી હુકમ ભુસ્તરશાસ્ત્રીની કચેરી દ્વારા કરવામા આવેલ નહી હોવાની માહીતી મળેલ હતી

⇨ **જેથી ઉપરોકત વાહનોના માલિકોએ પણ બોગસ વાહન મુક્તિ વાહન ઉપરોકત આરોપી મનિષ ઉર્ફે સાગર ઘનશ્યામભાઇ મહેતા જાતે.બ્રામ્હણ ઉ.વ.૪૧ રહે.માનસરોવર પાર્ક શેરી નં.૨ આજીડેમ ચોકડી પાસેકૃષ્ણ કોમ્પલેક્ષ રાજકોટ વાળા પાસે બનાવડાવેલ હોવાનુ તપાસ દરમ્યાન જણાઇ આવતા ઉપરોકત વાહન માલિકો પૈકી (૧) અરજણભાઇ લાખાભાઇ કોડીયાતર જાતે રબારી ઉ.વ. ૨૫ ધંધો માલઢોરનો તથા ડમ્પરનો રહે. સુપેડી રાયધરાના કુલે તા. ધોરાજી તથા (૨) હિરાભાઇ દેવાયતભાઇ કોડીયાતર જાતે રબારી ઉ.વ. ૨૭ ધંધો વેપાર રહે. ધોરાજી જુના ઉપલેટા રોડ ભોળા ગામના પાટીયા પાસે તથા (3) વીરમભાઇ લખમણભાઇ ભારાઇ જાતે રબારી ઉ.વ. ૨૮ ધંધો માલઢોરનો રહે. ધોરાજી રામપરા છાપતર પાસે તથા (૪) હરસુરભાઇ જગમાલભાઇ લોખીલ જાતે.આહીર ઉ.વ.૬૬ ધંધો.ખેતીકામ રહે. નિલાખા તા.ઉપલેટા વાળાઓને ગુનાના કામે તા.૨૫/૦૭/૨૦૨૨ ના કલાક.૧૧/30 વાગ્યે અટક કરેલ છે. અને ઉપરોકત વાહનો (૧) જે.સી.બી. નં.GJ 03 HE 2106 તથા (૨) ડમ્પર નં. GJ 13 AW 0100 તથા (3) ટ્રક નં.GJ 07 V,W 3288 તથા (૪) ટ્રેકટર નં. GJ 03 EA 7118 વાળા વાહનો તા.૨૫/૦૭/૨૦૨૨ ના કલાક-૧૫/30 વાગ્યે કબ્જે કરવામા આવેલ છે.**

⇨ **આ કામે જે તે વખતે નાશતા ફરતા રહેલ આરોપી જેન્તીભાઈ ઉર્ફે મુન્નાભાઈ** રવજીભાઈ ચાંડપા, (અનુ.જાતી.,) ઉ.વ.૩૯, ધંધો-મજુરી, રહે.સતીમાવાળી શેરી, બહારપુરા, વણકરવાસ, ધોરાજી, જી:રાજકોટ વાળાને તા.૦૯/૦૨/૨૦૨૪ ના કલાક-૧૮/30 વાગ્યે અટક કરવામા આવેલ છે. અને મજકુર ઇસમની પુછપરછમા પોતે બોગસ વાહન મુક્તિ હુકમ આધારે ધોરાજી પો.સ્ટે. માથી છોડાવેલ પોતાનુ **ડમ્પર નં. GJ 12 Y 5832 વાળુ પોતાએ ધોરાજીમા ઇમરાન નામના માણસના ભંગારના ડેલે રૂ.3,૫૦,000/- મા વેચી દિધેલ હોવાનુ જણાવેલ છે.**